# ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

**ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડની ચૂંટણી ૨૦૨૧ માટે રાજ્ય આચાર્ય સંઘના સત્તાવાર (માન્ય) ઉમેદવાર નક્કી કરવા માટે પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા નક્કી કરેલ નીતિ નિયમો**

ઘટક સંઘના પ્રમુખ / મંત્રીશ્રીઓ , કારોબારી સભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ સમગ્ર ગુજરાતના સારસ્વત મિત્રો,

વર્ષ ૨૦૨૧ માં યોજાનાર ગુ. મા. અને ઉ. મા. શિ. બોર્ડની ચૂંટણીમાં રાજ્ય આચાર્ય સંઘ દ્વારા કારોબારી / સંસદની સંયુક્ત સભામાં પાર્લામેન્ટરી બોર્ડની રચના કરવાની સત્તા રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખશ્રી , મહામંત્રીશ્રી ને આપવામાં આવી. તેઓએ તેમને મળેલ સત્તાની રૂએ કોવિડ ૧૯ ને કારણે પ્રમુખશ્રી / મહામંત્રીશ્રી / ઉપાધ્યક્ષશ્રી / સારસ્વત સંપાદકશ્રી / અન્વેષકશ્રી / કલ્યાણનિધિ કન્વીનરશ્રી એ સંયુક્ત રીતે તા. ૨૭/૧૦/૨૦૨૦ ના રોજ પાર્લામેન્ટરી બોર્ડની રચના કરી.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક તા. ૨૨/03/૨૦૨૧ ના રોજ યોજવામાં આવી. જેમાં પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોની હાજરીમાં આગામી ગુ. મા. અને ઉ. મા. શિ. બોર્ડની ચૂંટણી અંગે રાજ્ય સંઘના ઉમેદવાર માટેના નોર્મ્સ બાબતે પુખ્ત વિચારણા કરી નીચે મુજબના નીતિ નિયમો નક્કી કરવામાં આવ્યા.

**(અ) જિલ્લા / રાજ્ય ઘટક સંઘે કરવાની કાર્યવાહી :**

**૧.** જે જિલ્લા / શહેર ઘટક સંઘના માન્ય સભ્ય ઉમેદવારી કરવા ઇચ્છતા હોય તો ઘટક સંઘે બંધારણ મુજબ એજન્ડા ઉપર કામની નોંધ કરી જિલ્લા / શહેર આચાર્ય સંઘની કારોબારી સભા બોલાવીને શક્ય હોય તો સર્વાનુમતે અન્યથા બહુમતીથી જિલ્લાનો એક માન્ય ઉમેદવાર નક્કી કરી નિયત નમુનાનુ ફોર્મ મહામંડળની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી લેવાનું રહેશે. જેની સંપુર્ણ વિગત ભરી જિલ્લા / શહેર આચાર્ય સંઘના પ્રમુખ / મંત્રી પૈકી ગમેતે એક ની સહીથી જિલ્લા / શહેર ઘટક સંઘના ઠરાવ સાથે તારીખ ૨૮/03/૨૦૨૧ને સાંજે ૬:00 વાગ્યા સુધીમા પાર્લામેન્ટરી બોર્ડના સભ્યશ્રીને મોક્લી આપવાનુ રહેશે. સમયમર્યાદા પછી આવેલ ફોર્મ ધ્યાને લેવામા આવશે નહી. ઉમેદવારી ફોર્મ જ્યારે પાર્લામેન્ટરી બોર્ડ ના સભ્યને આપવામાં આવે ત્યારે ઉમેદવારે / ઘટક સંઘે તે ફોર્મ નો ફોટો અને ડ્રાફ્ટ નો ફોટો ઉમેદવારની હાજરીમાં પાર્લામેન્ટરી બોર્ડના વોટ્સઅપ ગ્રુપમાં અપલોડ કરાવી અને તેમની પાસેથી પાવતી મેળવી લેવાની રહેશે.

૨. જિલ્લા / શહેર કારોબારીએ માન્ય કરેલ ઉમેદવારના ફોર્મ સાથે ફોર્મ ફી રૂ. ૫૦૦૦/- રોકડા તેમજ ડિપોજીટ પેટે રૂ. ૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર રૂ /.) નો ડ્રાફ્ટ '' ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ '' ના નામનો ફરજીયાત જમા કરવાનો રહેશે.

3. જે જિલ્લા / શહેર આચાર્ય સંઘ પાર્લામેન્ટરી બોર્ડના આદેશોનું પાલન કરશે તે ઘટક સંઘ ચૂંટણી પૂરી થયા પછી ડીપોઝીટની રકમ પાછી મેળવવાને પાત્ર રહેશે. જે જિલ્લા / શહેર આચાર્ય સંઘ પાર્લામેન્ટરી બોર્ડના આદેશોનું પાલન નહી કરે તે ઘટક સંઘ ચૂંટણી પૂરી થયા પછી ડીપોઝીટની રકમ પરત મેળવવાને પાત્ર રહેશે નહી. જે જિલ્લા / શહેર આચાર્ય સંઘના ઉમેદવારને પાર્લામેન્ટરી બોર્ડ ઉમેદવારી કરવા માટે માન્યતા આપશે તે ઘટક સંઘની ડીપોઝીટની રકમ રૂ. ૧,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા) રાજ્ય આચાર્ય સંઘમાં જમા રહેશે. આ ઉપરાંત માન્ય ઉમેદવારે ચૂંટણી ખર્ચ પેટે વધારાના રૂ. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) જમા કરાવવાના રહેશે.

૪. જે તે જિલ્લા / શહેર ઘટક સંઘની બાકી લહેણી રકમ હશે તે ઉમેદવારી પત્રક જમા કરાવતા પહેલાં તે રકમ આચાર્ય સંઘમાં જમા કરાવવી ફરજીયાત છે.

૫. રાજ્યના પ્રમુખ / મંત્રી / પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષ / સભ્યશ્રીઓના ચૂંટણી સંબંધી માત્ર ભાડાનો ખર્ચ ચૂંટણી ફંડ પેટે જમા કરાવેલ રકમમાંથી કરવાનો રહેશે.રાજ્ય આચાર્ય સંઘમાથી ચુંટણી બાબતે કોઇ ખર્ચ કરવાનો રહેશે નહી.

૬. ઉમેદવારે ચૂંટણી અંગેનો તમામ ખર્ચ પોતાની જાતે જ કરવાનો રહેશે. ચૂંટણીને લગતા સાહિત્ય છપામણી કે વર્તમાનપત્રોની જાહેરાતનો તમામ ખર્ચ ઉમેદવારે જાતે ભોગવવાનો રહેશે. રાજય આચાર્ય સંઘ ઉમેદવારને ચૂંટણી ખર્ચના નાણાં આપશે નહી જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

૭. જિલ્લા / શહેર ઘટક સંઘ ચૂંટણી માટે જે તે ઉમેદવારની પસંદગી કરે ત્યારે તે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.

(અ) રાજ્ય આચાર્ય સંઘનું કોઈ લેણું ઘટક સંઘ / ઉમેદવારનું બાકી નથી તેની ખાતરી કરવાની રહેશે.

(બ) જે તે જિલ્લા / શહેર ઘટક સંઘમાં ઉમેદવારની કાર્યક્ષમતા , વફાદારી , સક્રિયતા તેમજ યોગ્યતાની ચકાસણી કરવાની રહેશે.

(ક) રાજ્ય આચાર્ય સંઘના માન્ય ઉમેદવાર બની બોર્ડના સભ્ય બનનાર રાજ્ય આચાર્ય સંઘની વખતો વખતના આદેશોનું પાલન કરશે તેની બાહેધરી લેવાની રહેશે.

(ડ) ઉમેદવાર આચાર્ય તરીકે ઓછામા ઓછા પાંચ વર્ષનો અનુભવ અને જે તે જિલ્લા / શહેર ઘટક સંઘનુ સભ્ય પદ ધરાવતો હોવો જોઇએ

(ઇ) ઉમેદવાર રાજ્ય કલ્યાણનીધી તેમજ સારસ્વતનો સભ્ય હોવો જોઇએ.

## (બ) ગુ. રા. મા. શિ. બોર્ડની ચૂંટણી માટે સત્તાવાર (માન્ય) ઉમેદવાર તરીકે માન્યતા આપવાના નિયમો.:

૧. રાજય આચાર્ય સંઘના પાર્લામેન્ટરી બોર્ડે જિલ્લા / શહેર ઘટક સંઘની તેઓએ નક્કી કરેલા ઉમેદવાર માટે રૂબરૂ સુનવાણી સમયે જે તે ઘટક સંઘના જવાબદાર હોદ્દેદારો, પ્રમુખ, મંત્રી, ઉપ-પ્રમુખ તથા જે તે જિલ્લાના રાજ્યના હોદ્દેદારો સહિત વધુમાં વધુ પાંચ પ્રતિનિધિઓ ઉમેદવાર સાથે હાજરી આપી શકશે.રુબરુ સુનાવણીમા અસલ પ્રોસેડિંગ બુક , ડીપોજીટ જમા કરાવ્યાની પાવતી,ફોર્મ ફી ની પાવતી,તેમજ સભ્ય ફી,સારસ્વત કલ્યાણનીધીની પાવતી અને સંઘ માટે કરેલ કામગીરીનો અહેવાલ તેમજ ઉમેદવારનુ એલ.સી. અને નિમણુક હુકમની ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે.

૨.પાર્લામેન્ટરી બોર્ડ માન્ય ઉમેદવારનું નામ નક્કી કરતી વખતે રાજ્ય / જિલ્લા / શહેર ઘટક સંઘમાં વફાદારી, સક્રિયતા અને તેની જવાબદારી પૂર્વકની કામગીરી લક્ષમાં લેવાની રહેશે. ઉમેદવારની સક્ષમતા તેમજ તેની જીત માટેની શક્યતા ચકાસવાની રહેશે. આચાર્ય સંઘના રાજ્ય કક્ષાના કાર્યક્રમો, અધિવેશન અને સારસ્વતસભ્ય સંખ્યા અને કલ્યાણનિધિ યોજનામાં ઘટક સંઘનું યોગદાન ધ્યાને લેવાનું રહેશે.

3. કોઇપણ જિલ્લા / શહેર ઘટક સંઘ પાર્લામેન્ટરી બોર્ડે નક્કી કરેલ ઉમેદવાર સિવાયના ઉમેદવારને મદદ કે તરફેણ કરશે તો તે ઘટક સંઘ દસ વર્ષ માટે રાજ્ય સંઘના કોઈપણ હોદ્દાનો દાવો કરી શક્શે નહિ. તેમજ બળવાખોર ઉમેદવાર ઘટક સંઘમા હોદ્દો ગ્રહણ કરી શક્શે નહિ. તેમ કરવામા કસુર થશે તો જિલ્લા ઘટક સંઘને રાજ્ય સંગઠન નુ જોડાણ આપવામા આવશે નહિ.

૪. પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ ઉમેદવારી નોધાવનાર જિલ્લામાંથી થયેલ મતદાનના ૫૦ ટકા કરતા ઓછા મત માન્ય ઉમેદવાર ની તરફેણમા મળશે તો તે જીલ્લા એ ઉમેદવારી માટે ભરેલ ડીપોજિટની રકમ જપ્ત કરવામા આવશે અને ખુલાસો માંગી પાર્લામેન્ટરી બોર્ડ સસ્પેંશન ની કાર્યવાહી હાથ ધરશે.

૫. જે જિલ્લામાથી થયેલ મતદાનના ૫૦ ટકા કરતા ઓછા મત માન્ય ઉમેદવાર ની તરફેણમા મળશે તો તે જીલ્લાના હોદ્દેદારો પાસે ખુલાશો માંગી પાર્લામેન્ટરી બોર્ડ સસ્પેંશન ની કાર્યવાહી હાથ ધરશે.

બળવાખોર ઉમેદવારને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય / જીલ્લા કે રાજ્ય સંઘના હોદ્દેદાર / પૂર્વ બોર્ડ મેમ્બરને પણ તાત્કાલિક અસરથી પાર્લામેન્ટરી બોર્ડ તેમને હોદ્દા પરથી દુર કરશે.

૬. પાર્લામેન્ટરી બોર્ડનો કોઇ સભ્ય ઉમેદવારી કરે તો તે પાર્લામેન્ટરીની બોર્ડની બેઠકમાં સભ્યશ્રી ઊપસ્થીત રહી શકશે નહી.

**૭.** રૂબરૂ સુનાવણીનું સ્થળ / સમય અને તારીખ અલગથી જે તે ઉમેદવાર તથા ઘટક સંઘને જાણ કરવામાં આવશે.

| ક્રમ | નામ | હોદ્દો | જીલ્લો | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | શ્રી મહેન્દ્રભાઇ આર. બાવરીયા | અધ્યક્ષ | ગાંધીનગર | ૯૮૨૫૬૩૪૨૫૬ |
| ૨ | શ્રી જે.પી. પટેલ | સભ્યશ્રી | મહીસાગર | ૯૫૩૭૨૬૯૫૦૧ |
| ૩ | શ્રી ઉમેશકુમાર એસ. પટેલ | સભ્યશ્રી | બનાસકાંઠા | ૯૪૨૮૧૯૬૯૬૬ |
| ૪ | શ્રી વિષ્ણુભાઈ જે. પટેલ | સભ્યશ્રી | અમદાવાદ | ૯૪૨૮૩૫૫૬૧૬ |
| ૫ | શ્રી પી.ડી.રણા | સભ્યશ્રી | ભરૂચ | ૯૯૦૪૧૭૬૨૪૧ |
| ૬ | શ્રી ભુપેન્દ્રસિંહ સી.ચૌહાણ | સભ્યશ્રી | પંચમહાલ | ૯૫૮૬૭૨૭૩૧૫ |
| ૭ | શ્રી બી.ડી.જાડેજા | સભ્યશ્રી | રાજકોટ | ૯૪૨૬૪૮૩૫૧૮ |
| ૮ | શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ | સભ્યશ્રી | સાબરકાંઠા | ૭૮૭૪૮૦૪૪૦૪ |
| ૯ | શ્રી હરદેવસિંહ પી. જાડેજા | સભ્યશ્રી | જામનગર | ૯૪૨૬૯૭૫૮૩૩ |
| ૧૦ | શ્રી સી.કે.રાણા | સભ્યશ્રી | સુરેન્દ્રનગર | ૯૯૨૫૩૪૦૬૨૮ |
| ૧૧ | શ્રી જગમાલ એમ. ભેટારીયા | સભ્યશ્રી | દેવભૂમિ દ્વારકા | ૯૯૦૯૬૩૦૩૧૩ |

Website: www.shreesaraswat.com

અધ્યક્ષ

પાર્લામેન્ટરી બોર્ડ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

**<u>નોંધ:-</u> જિલ્લા ઘટક/શહેર સંઘને અનુકૂળ પડે તે રીતે ઉમેદવારનું ફોર્મ પાર્લામેન્ટરી બોર્ડના સભ્યશ્રીને પંહોચાડવાનું રહેશે.**

## આગામી એપ્રિલ-૨૦૨૧ માં યોજાનાર ગુ. મા. શિ. બોર્ડ ની ચૂંટણીમા આચાર્ય સંવર્ગમાથી ઉમેદવારી ફ્રોર્મ ભરવા અંગે.

ઘટક સંઘના પ્રમુખ/ મંત્રીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ અને સમગ્ર ગુજરાતનાં સારસ્વત મિત્રો,
એપ્રિલ-૨૦૨૧ માં યોજાનાર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમા રાજ્ય આચાર્ય સંઘ દ્વારા ઉમેદવારી કરવા માટે નીચેની શરતો ધ્યાનમાં લઈ અને નિયત નમૂનામાં “શ્રી સારસ્વત” ની વેબસાઇટ પરથી ફ્રોર્મ મેળવી ભરવાનું રહેશે.ફ્રોર્મમાં જણાવેલ સંપૂર્ણ વિગત અને આધારો તેમજ ડીપોઝીટનો ડ્રાફ્ટ તમારા વિસ્તારના પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય પાસે જમા કરવી પહોચ મેળવી લેવી.

(૧) ઉમેદવારી ફ્રોર્મ ફી ૫૦૦૦/- રહેશે. તેમજ ફ્રોર્મમાં જિલ્લા/શહેર ઘટક સંઘના પ્રમુખ/મંત્રી બંને ની સંયુક્ત સહિથી પણ પરત મોકલવાનું રહેશે. પ્રમુખ/મંત્રી જો ઉમેદવાર હોય તો ઉપપ્રમુખની સહિ હોવી જરૂરી છે આ ફ્રોર્મ સાથે ઘટકની કારોબારી સમિતિના ઠરાવની નકલ આવશ્ય જોડવી તેમજ રૂબરૂ સુનાવણીના સમયે કારોબારી સમિતિના મિનિટબુક સાથે લાવવાની રહેશે.

(૨) જિલ્લા/શહેર ઘટક સંઘે તેમના માન્ય ઉમેદવારનું નામ રજૂ કરે ત્યારે ડીપોઝીટની રકમ રૂ. ૧,૫૦,૦૦૦/- (અંકે એક લાખ પચાસ હજાર પુરા) ફ્રોર્મ સાથે “ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ” ના નામનો ડ્રાફ્ટ આપવાનો રહેશે.

(૩) જે જિલ્લા/શહેર ઘટકસંઘ પાર્લામેન્ટ્રી બોર્ડના આદેશનું પાલન કરશે તેને ડીપોઝીટની રકમ ચૂંટણી પૂર્ણ થયા બાદ પરત કરવા પાત્ર રહેશે અને જે જિલ્લા/શહેર ઘટક સંઘ પાર્લામેન્ટરી બોર્ડના આદેશનું પાલન ન કરે તેની ડીપોઝીટની રકમ પરત થવાને પાત્ર રહેશે નહીં તથા જે જિલ્લા/શહેર ઘટકસંઘના ઉમેદવાર ને પાર્લામેન્ટરી બોર્ડ ઉમેદવારી કરવા માન્યતા આપશે તેની રકમ રૂ.૧,૫૦,૦૦૦/- (અંકે એક લાખ પચાસ હજાર પુરા) આચાર્ય સંઘમાં જમા રહેશે. તેમજ માન્ય ઉમેદવારે વધારાના રૂ. ૧,૦૦,૦૦૦/-(અંકે એક લાખ પુરા) ચૂંટણી ખર્ચ માટે માન્યતાના મેન્ડેડ સાથે રોકડા જમા કરાવવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી - 2021

## બાહેંધરીપત્ર

તારીખ :........................

આથી હું .......................................................................................................

આચાર્યશ્રી .......................................................................................................

તાલુકો:-......................., જિલ્લો:-............................., બાહેંધરી લખી આપું છું કે આગામી તા. 25-04-2021 ના રોજ યોજાનાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં રાજ્ય આચાર્યસંઘ- પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા મને માન્ય ઉમેદવાર તરીકે પસંદ કરેલ છે.

હું રાજ્ય આચાર્યસંઘના માન્ય ઉમેદવાર તરીકે ચુંટણીમાં વિજેતા થયા બાદ બોર્ડ મેમ્બર તરીકે આચાર્યસંઘના વખતો વખતના આદેશોનું પાલન કરીશ જેની બાહેંધરી લખી આપું છું.

.....................................

ઉમેદવારનું નામ અને સહી